ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 9th June, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.............................................................................., ભાવનગર.

**"આપણો સમુદ્ર, આપણું ભવિષ્ય" સંદર્ભે સમુદ્રની સમજણ અને સ્વચ્છતાના પાઠ શીખ્યા વિદ્યાર્થીઓ.**
**કલ્યાણ પાદેશિક લોક વિજ્ઞાન દ્વારા વિશ્વ સમદ્ર દિવસ ઉજવણી કરાય**

ગુજરાત સરકાર વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાન સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતિ લાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી થાકી અનેકવિધ કાર્યક્રમ દ્વારા કાર્યરત છે.

વિવિધ વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી અંતર્ગત ૮ મી જુન ૨૦૧૭ને "વિશ્વ સમુદ્ર દિવસ" તરીકે ઉજવામાં આવે છે. આ વર્ષના વિષય our ocean our future અનુસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જે. કે. છોટાલાલ માધ્યમિક શાળા, કોળીયાક, તા. જી. ભાવનગરના વિધાર્થીઓ માટે તા. ૮.૦૬.૨૦૧૭ સવારે ૮:૦૦ કલાક થી બપોરે ૧૨:૩૦ દંરમિયાન "આપણો સમુદ્ર, આપણું ભવિષ્ય" કાર્યક્રમ દ્વારા વિશ્વ સમુદ્ર દિવસ – ૨૦૧૭ની ઉજવણી કરવામાં આવી હતી.

"આપણો સમુદ્ર, આપણું ભવિષ્ય" કાર્યક્રમમાં વિધાર્થીઓને તજજ્ઞ શ્રી કૃષ્ણકાંત બક્ષી દ્વારા કોળીયાકના સમુદ્ર કિનારા પર વિદ્યાર્થીઓ સાથે જઈ સમુદ્ર વિષે અને સમુદ્રમાં રહેતા દરીયાઈ જીવ માછલી, કાચબા, કરચલા વગેરે વિસ્તૃત માહિતી આપી વિશ્વ સમુદ્ર દિવસ ઉજવણી વિષે પણ સમજાવેલ. ઉપરાંત હાલના સમયમાં આપણે પર્યાવરણની સાથે સમુદ્ર અને સમુદ્ર કિનારાને પણ પ્રદુષિત કરી રહ્યા છીએ. ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વાર સમુદ્ર કિનારાના વિસ્તારોમાં સેહલાણીઓ દ્વારા ફેકવામાં આવેલ પ્લાસ્ટીકની ખાલી બોટલો, થેલીઓ વગેરેને એકત્ર કરી સ્થાનિક વ્યવસ્થાપકોના માર્ગદર્શન હેઠે તેનો નિકાલ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમાંને સફળ બનવા અને લોકોને સમુદ્ર અને સમુદ્રમાં વસની સજીવ શ્રુષ્ટિ પ્રત્યે જાગૃતિ લાવવા 52 વિધાર્થીઓ અને શિક્ષકો દ્વારા એક સંદેશ પોચાડવાનો ઉમદા પ્રયત્ન કરેલ. જે બાબતો લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

9.6.17
(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.